ક્રમાંકઃ પરચ–૧૦૨૦૧૦–૨૦૪૮–સ
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
બ્લોક નં. ૫, ૭મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૩–૦૯–૨૦૧૦

પ્રતિ,
ચેરમેનશ્રી,
પ્રવેશ સમિતિ ફોર પ્રોફેશનલ કોર્સીસ (ટેકનીકલ),
એલ. ડી. એન્જિનિયરીંગ કોલેજ કંપાઉન્ડ,
નવરંગપુરા, અમદાવાદ.

વિષયઃ–વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ સમયે સંસ્થા તરફથી અસલ પ્રમાણપત્રો લેવા બાબત.

ઉપરોક્ત વિષયે રાજ્ય સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે અને રીશફલીગમાં અન્ય સંસ્થામાં વિદ્યાર્થી પ્રવેશ મેળવે તો મૂળ સંસ્થા ધ્વારા વિદ્યાર્થીઓના અસલ પ્રમાણપત્રો લઈ લેવામાં આવે છે અને વિદ્યાર્થીઓના વાલીઓ પાસે ડોનેશનની રકમ અને સમગ્ર વર્ષની શૈક્ષણિક ફી વસુલાત કરવાનો આગ્રહ રાખવામાં આવે છે જે ઘણી જ ગંભીર બાબત છે. અસલ પ્રમાણપત્રો વિદ્યાર્થીઓ પાસેથી ફક્ત ચકાસણી કરવા પૂરતા જ લેવાના હોય છે અને ત્યારબાદ તેની ખરી નકલનો ૧ સેટ સંસ્થાએ રાખવાનો છે અને અસલ પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને પરત કરવાના હોય છે જેનું સંસ્થા ધ્વારા પાલન કરવામાં આવતુ નથી જેથી નોટીસ બોર્ડ તેમજ જાહેરાત પ્રસિધ્ધ કરીને તમામ વિદ્યાર્થીઓને જાણ કરવી કે, પ્રવેશ સમયે જે તે સંસ્થાને અસલ પ્રમાણપત્રો ફક્ત વેરીફીકેશન માટે જ બતાવવાના હોય છે અને તેની ખરી નકલનો ૧ સેટ જે તે સંસ્થાને આપવાનો હોય છે કોઈપણ વિદ્યાર્થીએ અસલ પ્રમાણપત્રો જે તે સંસ્થાને આપવાના નથી. આમછતાં જો સંસ્થા તરફથી અસલ પ્રમાણપત્રો લઈ લેવામાં આવેલ હોય તો તે પરત મેળવી લેવા અને જો ના આપે તો પ્રવેશ સમિતિને જાણ કરવી અને પ્રવેશ સમિતિએ સંસ્થા સામે નિયમાનુસાર પગલાં લેવા કાર્યવાહી કરવી જેથી વિદ્યાર્થીઓને અસલ પ્રમાણપત્રો પરત નહીં કરવાની ફરિયાદો નિવારી શકાય.

( જે. ડી. ભાડ )
સંયુક્ત સચિવ,
શિક્ષણ વિભાગ